| | | | |
|---|---|---|---|
| દાખલ તારીખ | ૧૦/૧૧/૨૦૨૩ | | |
| રજીસ્ટરે લીધા તારીખ | ૧૦/૧૧/૨૦૨૩ | | |
| ફેંસલ તારીખ | ૧૧/૦૩ /૨૦૨૬ | | |
| સમયગાળો | વર્ષ | માસ | દિવસ |
| | ૨ | ૩ | ૨૪ |

**વિરમગામનાં મહે. એડી. સીવીલ જજ સાહેબની અદાલતમાં,**
**મુ.વિરમગામ, જી.અમદાવાદ.**

**રેગ્યુલર દિવાની દાવા નં. ૨૩૯/૨૦૨૩**

**આંકઃ–૧૯**

ઉત્તર ગુજરાત વિજ કંપની લી. વતી
નાયબ ઈજનેરની કચેરી,
વિરમગામ ગ્રામ્ય પેટા વીભાગ, માંડલ રોડ,
તા. વીરમગામ, જી. અમદાવાદ

**::: વાદી**

**વિરુધ્ધ**

**ભરવાડ ગગુભાઇ સવાભાઇ**
ઉ.વ.આ.પુખ્ત, ધંધો : પશુપાલન,
રહેવાસી.મુ.મેલડીનગર,તા. વિરમગામ, જી.અમદાવાદ

**::: પ્રતિવાદી**

---

**દાવો :– રૂા.૧૦,૮૨૧/– વસુલ મેળવવા અંગે.**

---

વાદી તરફે : વિ.વ.શ્રી એસ.કે.વોરા

પ્રતિવાદી તરફે : એકતરફી

---

**–:: ઠરાવ ::–**

**(૧)** આ કામનાં વાદીનાં દાવાની ટૂંકમાં હકીકત એવી છે કે, વાદી કંપની ભારતીય કંપની ધારો ૧૯૫૬ અન્વયે અસ્તિત્વમાં આવેલ કંપની છે અને અગાઉ ગુજરાત વિદ્યુત બોર્ડના નામથી વીજ પુરવઠો પુરો પાડવા વિગેરેનુ કાર્ય કરતી કંપનીનો કારભાર અલગ અલગ કંપનીઓમાં વહેંચીને ગુજરાત રાજયમાં જે કંપનીઓ વીજપુરવઠો પુરો પાડવા વિગેરેના આશયથી અસ્તિત્વમાં આવેલ છે તે પૈકીની વાદી કંપની છે તેમજ વાદી કંપનીની વિરમગામ ગ્રામ્ય પેટા વીભાગની ઓફીસ નામ. કોર્ટની હકુમતના વિરમગામમા આવેલ છે.

વાદી વધુમાં જણાવે છે કે, આ કામનાં પ્રતિવાદી વાદી કંપનીના ગ્રાહક હતા અને જેઓએ પોતાના નામનુ વીજ કનેકશન ઘરવપરાશના હેતુ માટે વાદી કંપની પાસેથી મેળવેલ હતુ જેનો ગ્રાહક નં. ૨૫૭૪૭/૧૦૭૫૧/૮ છે. આ કામના પ્રતિવાદીનુ વીજ વપરાશ અંગેનુ ખાતુ વાદી કંપનીની વિરમગામ ઓફીસમા ચાલેલ છે. તે ખાતામા જણાવ્યા પ્રમાણે વસુલ આવેલ રકમ બાદ જતા નવે–ડીસેમ્બર ૨૦૨૧ થી જાન્યુ.–ફેબ્રુઆરી ૨૦૨૩ સુધીના સમયનુ રૂા.૮૬૪૬/– તથા તે ઉપર વિલંબીત ચુકવણી ચાર્જ રૂા.૨૧૭૫/–મળી કુલ રૂા.૧૦૮૨૧/–નુ લેણુ પડતુ. જે બીલની ભરપાઇ કરવામા પ્રતિવાદી ખુબ જ અનિયમીત રહેલા છે.

વાદી વધુમાં જણાવે છે કે, વાદી કંપની તરફથી પ્રતિવાદીને વીજચોરી બીલની લેણી પડતી રકમ અંગે વારંવાર કહેવા છતા કોઇ રકમ આજદીન સુધી ભરપાઈ કરેલ નથી. જેથી પ્રતિવાદીને તા.૨૪/૦૫/૨૦૨૨ ના રોજ આખરી નોટીસ આપવામા આપેલી. ત્યારબાદ વાદી કંપનીએ પ્રતિવાદીને તા.૦૮/૦૫/૨૦૨૩ ના રોજ લીગલ નોટીસ આપેલ તેમ છતા નોટીસનો કોઇ જવાબ આપેલ નથી તેમજ કાંઈ રકમ પણ વસુલ આપેલ નથી.

આ દાવાનું કારણ પ્રતિવાદીએ વીજ જોડાણનો ઉપયોગ ઉપભોગ કરવાનુ શરુ કર્યુ ત્યારથી અને તે અરસાથી તેમજ પ્રતિવાદીના ખાતે નવે–

ડીસેમ્બર ૨૦૨૧ થી જાન્યુ.-ફેબ્રુઆરી ૨૦૨૩ સુધીની વીજ વપરાશની તથા ન્યુનતમ બીલની રકમ ઉધરતી ગઇ ત્યારથી તેમજ તે અરસાથી તેમજ તે અંગે વાદી કંપનીએ તા.૨૪/૦૫/૨૦૨૨ ના રોજ આખરી નોટીસ આપી ત્યારથી અને તે અરસાથી તેમજ તા.૦૮/૦૫/૨૦૨૩ ના રોજ ના રોજ પ્રતિવાદી પાસે લેણી પડતી રકમની માંગણી કરતી લીગલ નોટીસ આપી ત્યારથી અને તે અરસાથી નામદાર કોર્ટની હકુમતમાં ઉત્પન્ન થયેલ છે.

સબબ ઉપરોકત સમગ્ર હકીકતે હાલનો દાવો લાવી દાદ માંગેલ છે કે, આ કામનાં પ્રતિવાદી પાસે વાદી કંપની પાસે વીજવપરાશના રૂા.૮૬૪૬/- તથા તે ઉપરના જાન્યુ.-ફેબ્રુઆરી ૨૦૨૩ સુધીનુ ૧૮ % પ્રમાણેના વિલંબીત ચુકવણી ચાર્જના રૂા.૨૧૭૫/-મળી કુલ રૂા.૧૦૮૨૧/-નુ લેણુ પડે છે તે દાવાના તમામ ખર્ચ સહીત દાવાતારીખ થી ૧૮% પ્રમાણેના વ્યાજ સહીત પ્રતિવાદીની હરેક પ્રકારની સ્થાવર, જંગમ તથા જાત-મીલકત ઉપરથી વસુલ અપાવવા વાદીનાં લાભમાં હુકમનામું કરી આપવા અને અન્ય યોગ્ય લાગે તે દાદ અપાવવા અરજ કરેલ છે.

(૨) આ દાવાના કામે પ્રતિવાદીને દાવાના સમન્સ/નોટીસની ધોરણ સરની બજવણી થયેલ હોવા છતાં પ્રતિવાદી હાજર રહેલા ન હોય જેથી સદરહુ દાવાની કાર્યવાહી પ્રતિવાદી વિરુધ્ધ એકતરફી ચલાવવાનો તા.૧૬/૦૪/૨૦૨૫ ના રોજ હુકમ કરવામા આવેલ છે.

(૩) સદર કામમાં વાદીએ તેઓનાં દાવાનાં સમર્થનમાં નીચે મુજબનાં મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવા રજુ કરેલા છે.

**-: મૌખિક પુરાવા :-**

| ક્રમ. | **સાહેદનું નામ.** | **આંક** |
|---|---|---|
| ૧. | સાહેદ ઇન્દ્રજીતસીંહ અજીતસીંહ વાઘેલાનુ પુરાવાનું સોગંદનામું. (નાયબ ઈજનેર, વીરમગામ ગ્રામ્ય સબ ડીવીઝન) | ૧૧ |

**-: દસ્તાવેજી પુરાવા :-**

| ક્રમ. | **દસ્તાવેજ.** | **આંક** |
|---|---|---|
| ૧ | પ્રતિવાદીને આપેલ આખરી નોટીસ | ૧૩ |
| ૨ | એકનોલેઝમેન્ટ | ૧૪,૧૬ |
| ૩ | લીગલ નોટીસની નકલ | ૧૫ |
| ૪ | પ્રતિવાદીના ખાતે ઉધરેલ રકમ અંગેના લેજરના ઉતારાની ખરી નકલ | ૧૭ |

(૪) ત્યારબાદ વાદી તરફે વિશેષ કોઈ પુરાવો રજુ કરવા માંગતા ન હોય આંક–૧૮ થી પુરાવો પુરો થયાની કલોઝીંગ પુરશીસ રજુ કરવામાં આવેલ છે.

(૫) સદર દાવાનાં કામે વાદી તરફે વિ.વ.શ્રી ની વિસ્તૃત દલીલો સાંભળી.

(૬) આમ, ઉપરોકત હકીકતે સદરહું દાવાનાં ન્યાયીક નિર્ણય માટે આંક–૦૯ થી નીચે મુજબનાં મુદ્દા ઉપસ્થિત કરવામાં આવેલા છે.

**–:: મુદા ::–**

1. Whether the plaintiff proves that the Defendant is the consumer of the board and Rs.10821/- are due from the defendant toward electricity charges including of delay payment charges and notice charges ?
2. Whether plaintiff company is entitled to get interest? if yes, for what amount and for which period?
3. Whether the suit of the plaintiff is barred by any provision of law?
4. Where the plaintiff company is entitled to get relief as prayed for?
5. What order and decree?

**(૭) પ્રસ્તુત મુદાઓ અંગેનાં મારા ન્યાયીક નિર્ણયો નીચે મુજબ છે.**

૧.અંશત: હકારમાં

૨. અંશત:હકારમા

૩. નકારમા

૪.અંશત:હકારમા

૫.આખરી હુકમ મુજબ.

આમ દાવાનાં નિકાલ માટે ઉપસ્થિત કરવામાં આવેલાં આંક–૦૯ ના મુદાઓ સંબંધે નાં મારા ન્યાયીક નિર્ણય અંગેનાં કારણો ની ચર્ચા નીચે મુજબ કરું છું.

**–:કારણો:–**

**મુદ્દા નં. ૧ થી ૩**

(૮) આ કામે વાદીએ પ્રતિવાદી પાસેથી લેણી પડતી વીજ વપરાશની રકમની માંગણી કરેલ છે અને સદર હકીકત પ્રસ્થાપિત કરવા માટે આંક–૧૧થી નાયબ ઈજનેર, ઇન્દ્રજીતસીંહ અજીતસીંહ વાઘેલા નાઓનું પુરાવાનું સોગંદનામું રજુ થયેલ છે. જે સોગંદનામામાં વાદી સાહેદે દાવા અરજી મુજબની હકીકતો જણાવેલ છે અને તેઓએ જણાવેલ છે કે, આ કામે વાદી કંપનીનાં પ્રતિવાદી પાસે ગણ તરી કર્યા મુજબ ડીલે પેમેન્ટ ચાર્જ સહિતની રકમ બાકી લેણા રહે છે. સદરહું સોગંદનામાની હકીકતને પ્રતિવાદી દ્વારા પડકારવામાં પ્રસ્થાપિત સિંધ્ધાતો મુજબ પડકારવામા આવી નથી. ત્યારે કાયદાનાં પ્રસ્થાપિત સિંધ્ધાતો મુજબ પ્રતિવાદીને હકીકતો સ્વીકાર્ય છે તેમ માનવાનું રહે છે. જો કે વાદીએ પોતાનો કેસ પોતાના પુરાવાથી પ્રસ્થાતિ કરવો જરૂરી છે અને તે માટે વાદીએ આંક–૧૩ થી આંક–૧૭ મુજબનાં દસ્તાવેજી પુરાવાઓ રજુ કર્યા છે. આંક–૧૩થી પ્રતિવાદીને આપવામા આવેલ આખરી નોટીસ રજુ છે જે પ્રતિવાદીના નામજોગ છે અને તેના સરનામે મોકલવામા આવેલ છે. આંક–૧૪થી સદર નોટીસ પ્રતિવાદીને બજી ગયેલ તે અંગેની એકનોલેઝમેન્ટ રજુ છે જેમા પ્રતિવાદીની સહી પણ છે જેથી સદર નોટીસ પ્રતિવાદીને બજી ગયેલ છે તેમ ફલિત થાય છે. આંક–૧૫ થી પ્રતિવાદીને આપવામા આવેલ લીગલ નોટીસ રજુ છે જે પ્રતિવાદીના નામ જોગ નોટીસ છે. જેમા વીજચોરીની રકમનો પણ ઉલ્લેખ કરવામાં આવેલ છે. તેમજ પ્રતિવાદીના નામ જોગ નોટીસ પ્રતિવાદીના સરનામે મોકલવામાં આવેલ છે. વધુમાં સદરહુ નોટીસ વંચાણે લેતા જણાઈ આવે છે કે તેમા વીજચોરી બીલના રૂા.૮૬૪૫.૭૧ પૈસા ની રકમ દર્શાવેલ છે અને વધુમા સદરહુ નોટીસ વંચાણે લેતા જણાઈ આવે છે કે

કંપનીના નીયમ અનુસાર તેમા વિલંબીત ચુકવણી ચાર્જ સાથે કુલ રૂા.૧૦૬૯૨.૨૬ પૈસા દર્શાવેલ છે. પરંતુ સદરહુ વિલંબીત ચુકવણીની રકમ કંપનીના કયા નીયમો અનુસાર દર્શાવેલ છે તથા તેની ગણતરી કેવી રીતે કરેલ છે તે આ નોટીસથી ફલિત થતુ નથી. આંક–૧૬થી સદર નોટીસ પ્રતિવાદીને બજી ગયેલ તે અંગેની એકનોલેઝમેન્ટ રજુ છે જેમા પ્રતિવાદીના પ્રતિનીધીની સહી પણ છે જેથી સદર નોટીસ પ્રતિવાદીને બજી ગયેલ છે તેમ ફલિત થાય છે. આંક–૧૭ થી વાદી કંપનીના લેઝર ઉપરથી પ્રતિવાદીના ઉતારેલ વીજ વપરાશના ખાતાની ખરી નકલ રજુ થયેલ છે, જે વંચાણે લેતા, જેમાં કન્ઝ્યુમર તરીકે હાલનાં પ્રતિવાદીનું નામ દર્શાવેલ છે અને ગ્રાહક નં. ૨૫૭૪૭/૧૦૭૫૧/૮ અને કુલ રકમના કોલમમાં રૂા.૮૬૪૫.૭૧ પૈસા પ્રતિવાદીના ખાતાનો ઉતારો જોતાં બાકી જણાઈ આવે છે. જેમાં ડેપ્યુટી એન્જી. યુ.જી.વી.સી.એલ. માંડલ સબ ડીવીઝન નાઓની સહી છે. આમ, વાદી કંપની ધ્વારા રજુ થયેલ ઉપરોકત દસ્તાવેજ બાબતે પ્રતિવાદી જાતે કોર્ટમાં હાજર થઈ વિરોધ દર્શાવેલ નથી કે કોઈ તકરાર લીધેલ નથી. આમ, વાદી કંપની ધ્વારા રજુ થયેલ ઉપરોકત દસ્તાવેજ બાબતે પ્રતિવાદી જાતે કોર્ટમાં હાજર થઈ વિરોધ દર્શાવેલ નથી કે કોઈ તકરાર લીધેલ નથી. તેથી હાલનાં પ્રતિવાદી પાસેથી લેણી પડતી રકમ મેળવવા વાદી હકકદાર હોવાનું જણાય છે.

**(૦૯)** આ કામે વાદી તરફથી આંક–૧૭ થી પ્રતિવાદીનાં લેજરનો ઉતારો રજુ કરવામાં આવેલ છે, જે લેઝર વાદી સંસ્થા ધ્વારા નિયત નમુનામાં રોજે રોજ નિભાવવામાં આવે છે. ભારતીય પુરાવા અધિનિયમની કલમ–૩૫ મુજબ જાહેર અથવા અન્ય અધિકૃત ચોપડા, રજીસ્ટર અથવા રેકર્ડમાં મુદ્દા માટેની હકીકત અથવા પ્રસ્તુત હકીકત દર્શાવતી વિગતો છે, જે એક જાહેર નોકરે પોતાની અધિકૃત ફરજ બજાવતા અથવા તેઓની ફરજનું પાલન કરતા કરેલી નોંધ આપો આપ પ્રસ્તુત હકીકત છે અને પુરાવામાં ગ્રાહય છે. તે પ્રમાણે આ કામે આંક– ૧૭ થી રજુ કરેલ પ્રતિવાદીનાં લેજરનો ઉતારો પણ જાહેર રેકર્ડ હોઈ પુરાવામાં ગ્રાહય છે. જેમા વીજ વપરાશની લેણી રકમ રૂા.૮૬૪૫.૭૧ પૈસા નીકળતી રકમ દર્શાવેલ છે. આમ વાદીની હકીકતોને આંક–૧૭ થી

સમર્થન મળેલ છે.અને તેનાથી વિરૂધ્ધની હકીકતો જયારે રેકર્ડ ઉપર આવેલ નથી ત્યારે એમ માનવુ રહે કે વાદીનાં પ્રતિવાદી પાસે વીજ વપરાશના રૂા. ૮૬૪૫.૭૧ પૈસા લેણાં છે.

**(૧૦)** વાદીએ, પ્રતિવાદી પાસે ડીલે પેમેન્ટ ચાર્જની તથા વ્યાજની માંગણી કરેલ છે પરંતુ સીવીલ પ્રોસીજર કોડની કલમ–૩૫ મુજબ વાદી પ્રતિવાદી પાસે જો કોઈ કરાર હોય તો તે મુજબનું વ્યાજ મેળવવા વાદી હકકદાર છે પરંતુ આવો કરાર આ કામે રજુ થયેલ નથી ત્યારે વાદીએ એક જાહેર સંસ્થા છે અને વાદીએ પ્રતિવાદીને નોટીસ આપેલ હોવા છતાં આજદિન સુધી પ્રતિવાદી તરફથી વાદીને કોઈ રકમ ચુકવવામાં આવેલ નથી. આમ વાદીનાં કાયદેસરનાં લેણાં પ્રતિવાદીએ નિયમ સમયમર્યાદામાં ચુકવેલ ન હોઈ વાદી કંપની પ્રવર્તમાન સમયમાં ચાલતા રાષ્ટ્રીયકૃત બેન્કોનાં દર મુજબ વાર્ષિક ૬% નાં સાદા વ્યાજનાં દરે લેણી રકમ પર દાવા તારીખથી વ્યાજ મેળવવા હકકદાર છે.

**(૧૧)** સદર કામે વાદીએ પ્રતિવાદી પાસેથી રૂા.૧૦૮૨૧/– પુરા ૧૮ % લેખે દાવાની તારીખથી વિલંબીત ચુકવણી ચાર્જ સહીત તેમજ દાવાનો ખર્ચ પ્રતિવાદી પાસેથી વસુલ અપાવવાનું વાદીના લાભમાં હુકમનામું કરવા દાવો કરેલ છે. સદર કામમાં ઉપરોકત ચર્ચા કરેલ છે તે મુજબ આ કામના પ્રતિવાદી પાસેથી બીનઅધિકૃત રીતે કરેલ વિજવપરાશ પેટે રૂા.૮૬૪૫.૭૧ પૈસા વસુલાત પેટે બાકી નીકળતી હોવાની હકીકત સાબીત થયેલ છે. તેમજ વાદીએ દાવાની રકમ સાથે ૧૮ % લેખે વ્યાજની માંગણી કરેલ છે. આ અંગે ઉપરોકત મુદ્દામાં કરેલ ચર્ચા મુજબ વાદી વ્યાજ મેળવવા હકકદાર બનતા હોય **મુદા નં. ૧ ,૨ અને ૪** નો જવાબ **અંશત:હકારમાં**' અને **મુદા નં.૩** અને **૩** જવાબ '**નકારમાં**' આપી **મુદ્દા નં. ૫** પરત્વે ન્યાયના હીતમાં નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

## –:: આ ખ રી હુ ક મ ::–

**(૧)** આ કામનાં વાદીનો દાવો આથી અંશત: મંજુર કરવાનો હુકમ કરવામાં આવે છે.

(૨) આ કામનાં વાદી, પ્રતિવાદી પાસેથી તેઓની હરેક પ્રકારની સ્થાવર તથા જંગમ મિલકત ઉપરથી રૂા. ૮૬૪૫.૭૧ પૈસા (અંકે રૂપિયા આઠ હજાર છસો પિસ્તાલીસ અને એકોતેર પૈસા ) દાવા દાખલ તારીખથી રકમ વસુલ થતા સુધી વાર્ષિક ૬ ટકાનાં વ્યાજ સહિત વસુલ મેળવવા હકકદાર બને છે તેવું ઠરાવવામાં આવે છે અને પ્રતિવાદીએ વાદીની લેણી ચડત રકમ ચુકવી આપવી તેવો આથી પ્રતિવાદીને આદેશ કરવામાં આવે છે.

(૩)આ દાવાનું વાદીનું ખર્ચ પ્રતિવાદીએ ભોગવવું અને પ્રતિવાદીએ પોતાનું ખર્ચ જાતે ભોગવવું.

(૪)હુકમ મુજબ હુકમનામું દોરવું.

આ હુકમ આજ તારીખ: ૧૧મી, માહે માર્ચ સને –૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમા વાંચી સંભળાવી મારી સહી કરી જાહેર કર્યો.

તા. ૧૧ /૦૩/૨૦૨૬

વિરમગામ

(કીર્તી શર્મા)
એડી. સીવીલ જજ
વિરમગામ
કોડ નં. જીજે ૦૧૭૨૧

કુ.પી.એ.પરમાર ગુજ. સ્ટેનો